Sunday
09.06.2024
*Volume :8 * Issue No.319

વિશ્વાસથી વિકાસ યાત્રા

*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-


# પ્રધાનમંત્રી અને મંત્રીમંડળના શપથગ્રહણ સમારંભમાં નેતાઓની ઉપસ્થિતિ





કમલમ્ ન્યુઝ,

સામાન્ય ચૂંટણીઓ ૨૦૨૪ પછી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને મંત્રીપરિષદનો શપથ ગ્રહણ સમારોહ ૦૯ જૂન, ૨૦૨૪ના રોજ યોજાવાનો છે. આ પ્રસંગે ભારતનાં પડોશી દેશો અને હિંદ મહાસાગર ક્ષેત્રનાં નેતાઓને વિશિષ્ટ અતિથિઓ તરીકે ઉષ્માભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી રાનિલ વિક્રમસિંઘે; માલદિવનાં રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. મોહમ્મદ મુઈઝ્ઝુ; સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ શ્રી અહમદ આફીફ; બાંગ્લાદેશના પ્રધાનમંત્રી મહામહિમ શેખ હસીના; મોરેશિયસના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી પ્રવિન્દ કુમાર જગન્નાથ; નેપાળના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ'; અને ભૂતાનના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી શેરિંગ તોબગેને શપથ સમારંભમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ સ્વીકાર્યું છે. શપથગ્રહણ સમારંભમાં સહભાગી થવા ઉપરાંત એ જ સાંજે નેતાઓ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આયોજિત ભોજન સમારંભમાં પણ હાજરી આપશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સતત ત્રીજા કાર્યકાળ માટે શપથગ્રહણ સમારંભમાં ભાગ લેવા માટે નેતાઓની મુલાકાત ભારત દ્વારા તેની 'પડોશી પ્રથમ'ની નીતિ અને 'સાગર' વિઝનને સર્વોચ્ચ પ્રાથમિકતાને અનુરુપ છે.



કમલમ્ ન્યુઝ,

ગોકુલ ગ્લોબલ યુનીવર્સીટી સિદ્ધપુર ખાતે માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબના અધ્યક્ષસ્થાને ગોકુલ નર્સિંગ કૉલેજ દ્વારા આયોજીત લેમ્પ લાઈટીંગ એન્ડ ઓથ ટેકિંગ સેરેમનીમાં હાજરી આપી. આ પ્રસંગે આ કાર્યક્રમમાં ડૉ.હિંમતસિંહ રાજપૂત - રજિસ્ટ્રાર, ડૉ.અરુણ કુમાર વી.એન. - ડીન નર્સિંગ ફેકલ્ટી, સીઈઓ શ્રી રાજેન્દ્રસિંહ સોલંકી, નર્સિંગ ફેકલ્ટી સ્ટાફ, કૉલેજ સ્ટાફ, વિધાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## બિરસા મુંડા. મુંડા આદિવાસીઓ, વનવાસીઓ સહિત સમગ્ર જનજાતિ સમાજના લોકનાયક, લોકપ્રહરી, અને મસીહા



કમલમ્ ન્યુઝ,આહવા

તારીખ ૯મી જૂન. અમર સેનાની ભગવાન બિરસા મુંડાની પુણ્યતિથિ. બિરસા મુંડા. મુંડા આદિવાસીઓ, વનવાસીઓ સહિત સમગ્ર જનજાતિ સમાજના લોકનાયક, લોકપ્રહરી, અને મસીહા છે. આજે તેમની પુણ્યતિથિ એ, તેમના જીવન સંગ્રામ ઉપર નજર કરીએ. જે પ્રાસંગિક લેખાશે. બિરસા મુંડાનો જન્મ નવેમ્બર ૧૫, ૧૮૭૫ના દિને ઝારખંડ રાજયમા આવેલા રાંચી શહેર નજીકના ઉલીહાતૂ ગામમા સુગના મૂંડા અને કરમીબાઈને ત્યા થયો હતો. સાલ્ગા ગામમા પ્રાથમિક શિક્ષણ પુરુ કર્યા પછી તેઓ ચાઈબાસા ઈંગ્લીશ મિડલ સ્કૂલમા અભ્યાસ માટે આવ્યા. એમનુ મન હમેશા પોતાના સમાજની બ્રિટિશ શાસકો દ્વારા કરવામા આવેલી બુરી દશા માટે વિચારતુ રહેતું હતુ. એમણે મુંડા લોકોને અંગ્રેજોથી મુક્તિ મળે તે માટે જાતે નેતૃત્વ પ્રદાન કર્યુ. ૧૮૯૪ના વર્ષમા નિષ્ફળ ચોમાસાના કારણે છોટા નાગપુરમા ભયંકર દુકાળ અને રોગચાળો ફેલાયો હતો. બિરસાએ મન લગાવી પોતાના સમાજના લોકોની સેવા કરી. ઓકટોબર ૧, ૧૮૯૪ના દિને નવયુવાન નેતાના રુપમા બધા મુંડાઓને એકત્ર કરી, એમણે અંગ્રેજો સામે લગાન માફ કરાવવા માટે આંદોલન કર્યુ. ૧૮૯૫ના વર્ષમા એમને ગિરફતાર કરી, હજારીબાગ નગરના કેન્દ્રીય કારાગારમા બે વર્ષની કેદની સજા ભોગવવા રાખ્યા. પરંતુ બિરસા અને એમના શિષ્યોએ દુષ્કાળ પીડિત જનતાની સહાય કરવાનુ પૂરા મનથી નક્કી કરી લીધુંહતુ, અને આ કાર્ય કરીને તેમણે પોતાના જીવનકાળ દરમિયાન જ એક મહાપુરુષનો દરજજો મેળવ્યો. બિરસાને તેમના વિસ્તારના લોકો "ધરતી બાબા" નામથી સંબોધન કરતા તેમ જ પૂજતા પણ હતા. એમના પ્રભાવની વૃધ્ધિ થતા આખા વિસ્તારના મુંડા આદિવાસીઓમાં સંગઠિત થવાની ચેતના જાગી. ૧૮૯૭ના વર્ષથી ૧૯૦૦ના વર્ષ દરમિયાન મુંડા અને અંગ્રેજ સિપાઈઓ વચ્ચે લડાઈ થતી રહી, અને બિરસા તથા એમના શિષ્યોએ અંગ્રેજોના નાકમા દમ કરી રાખ્યો હતો. ઓગસ્ટ ૧૮૯૭ના સમયમા બિરસા અને એના ચારસો સાથીઓએ તીર કામઠાં વડે સજ્જ થઈ ખૂંટી થાણા પર હુમલો કર્યો. ૧૮૯૮ના વર્ષમાં તાંગા નદીના કિનારે મુંડાઓની લડાઈ અંગ્રેજ સેના સાથે થઈ, જેમા પહેલા તો અંગ્રેજ સેના હારી ગઈ, પરંતુ ત્યાર બાદ એના બદલે એમના વિસ્તારના ઘણા આદિવાસી નેતાઓની ધરપકડ થઈ. જાન્યુઆરી ૧૯૦૦ ડોમવાડીના ડુંગરોમા એક વધુ સંઘર્ષ થયો, જેમા મોટી સંખ્યામા સ્ત્રીઓ અને બાળકો માર્યા ગયા. એ વખતે આ જગ્યા પર બિરસા પોતાના લોકોની સભાને સંબોધન કરી રહ્યા હતા. ત્યાર બાદ બિરસાના કેટલાક શિષ્યોની ધરપકડ પણ થઈ હતી. અંતે બિરસાએ સ્વયં ફેબ્રુઆરી ૩, ૧૯૦૦ના દિને ચક્રધરપુરમા ધરપકડ વહોરી લીધી. બિરસા મુંડાએ જૂન ૯, ૧૯૦૦ના દિવસે રહસ્યમય રીતે રાંચી ખાતે કારાગારમાં અંતિમ શ્વાસ લીધા. તેમના અંતિમ સંસ્કાર હરમૂ નદીના કિનારે કરાયા હતા.

- આજે પણ બિહાર, ઓરિસ્સા, ઝારખંડ, છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળના આદિવાસી વિસ્તારોમા બિરસા મુંડાને ભગવાનની જેમ જ પૂજવામા આવે છે. - આ ઉપરાંત ભારત દેશના લશ્કરની એક પાંખ ભુમિદળની એક મહત્વની રેજિમેન્ટ બિહાર રેજિમેન્ટના સૈનિકોના નારા (યુદ્ધઘોષ) તરીકે પ્રથમ જય બજરંગબલી અને ત્યાર પછી બિરસા મુંડા કી જય એમ નાદ કરવામાં આવે છે.
- બિરસા મુંડાની સ્મૃતિમા ભારતના ટપાલ ખાતા તરફથી નવેમ્બર ૧૫, ૧૯૮૮ના દિને ૬૦ પૈસા મૂલ્ય ધરાવતી, ૩.૫૫ સે.મી. લંબાઈ તેમ જ ૨.૫ સે.મી. પહોળાઈ ધરાવતી ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.
- ગુજરાત સરકારે પણ બિરસા મુંડાના વ્યક્તિત્વ અને સમાજ માટેના યોગદાનને બિરદાવતા રાજપીપળા ખાતે 'બિરસા મુંડા યુનિવર્સિટી' શરૂ કરીને આદિવાસી સમાજને ગૌરવ પ્રદાન કર્યું છે.

## પ્રધાનમંત્રીએ શ્રી રામોજી રાવના નિધન પર શોક વ્યકત કર્યો



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રામોજી ફિલ્મ સિટીના સ્થાપક શ્રી રામોજી રાવના નિધન પર ઊંડો શોક વ્યકત કર્યો. શ્રી મોદીએ જણાવ્યું કે, રામોજી રાવ એક સ્વપ્નદ્રષ્ટા હતા, જેમણે ભારતીય મીડિયામાં ક્રાંતિ લાવી હતી. તેમના સમૃદ્ધ યોગદાનથી પત્રકારત્વ અને ફિલ્મોની દુનિયા પર અમિટ છાપ છોડી છે. પ્રધાનમંત્રીએ એક્સ પર પોસ્ટ કરી; "શ્રી રામોજી રાવ ગારુનું નિધન અત્યંત દુઃખદાયક છે. તેઓ એક સ્વપ્નદ્રષ્ટા હતા જેમણે ભારતીય માધ્યમોમાં ક્રાંતિ લાવી હતી. તેમના સમૃદ્ધ યોગદાનથી પત્રકારત્વ અને ફિલ્મોની દુનિયા પર અમિટ છાપ છોડી છે. પોતાના નોંધપાત્ર પ્રયત્નો દ્વારા, તેમણે મીડિયા અને મનોરંજન જગતમાં નવીનતા અને ઉત્કૃષ્ટતા માટે નવા ધોરણો સ્થાપિત કર્યા. રામોજી રાવ ગારુ ભારતના વિકાસ પ્રત્યે ઘણાં જ ઉત્સાહી હતા. હું ભાગ્યશાળી છું કે મને તેમની સાથે વાતચીત કરવાની અને તેમના જ્ઞાનનો લાભ મેળવવા માટેની ઘણી તકો મળી. આ મુશ્કેલ સમયમાં તેમના પરિવાર, મિત્રો અને અસંખ્ય પ્રશંસકો પ્રત્યે સંવેદના. ઓમ શાંતિ."

## ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સબમિશન માટે ઈપીએસ પેન્શનર્સ દ્વારા ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજીનો ઉપયોગ




કમલમ્ ન્યુઝ,

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ)ના ૭૮ લાખથી વધુ પેન્શનર્સ છે, જેમને તેમને ચૂકવવામાં આવતા પેન્શનને ચાલુ રાખવા માટે દર વર્ષે લાઈફ સર્ટિફિકેટ સબમિટ કરવું પડે છે. અગાઉ તેઓએ શારીરિક જીવનનું પ્રમાણપત્ર સબમિટ કરવા માટે બેંકોમાં જવું પડતું હતું, જેના કારણે અનેક પ્રકારની મુશ્કેલીઓ પડતી હતી. 'જીવન જીવવાની સરળતા' વધારવા માટે ઈપીએફઓએ વર્ષ ૨૦૧૫માં પોતાનાં પેન્શનર્સ માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (ડીએલસી) અપનાવ્યું હતું. ઈપીએફઓ ઈપીએસ પેન્શનરો પાસેથી બાયોમેટ્રિક પ્રમાણીકરણના આધારે ડીએલસી સ્વીકારે છે.

બાયોમેટ્રિક આધારિત ડીએલસીની રજૂઆતમાં પેન્શનરે કોઈ પણ બેંક, પોસ્ટ ઓફિસ, કોમન સર્વિસ સેન્ટર અથવા ઈપીએફઓ ઓફિસની શાખાની શારીરિક મુલાકાત લેવી જરૂરી છે, કારણ કે ત્યાં ફિંગરપ્રિન્ટ/આઈરિસ કેપ્ચર ડિવાઈસ ઉપલબ્ધ છે. વૃદ્ધોને બેંક/પોસ્ટ ઓફિસ સહિતના સ્થળોની શારીરિક મુલાકાત લેવાને કારણે પડતી મુશ્કેલીઓને ઘટાડવા માટે એમઈઆઈટીવાય (Meity) અને યુઆઈડીએઆઈ (UIDAI) એ ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજી (FAT) વિકસાવી છે, જેના દ્વારા ફેસ રેકગ્નિશન ટેકનોલોજીનો ઉપયોગ જીવનના પ્રમાણપત્રના પૂરાવા માટે થઈ શકે છે. ઈપીએફઓએ જુલાઈ, ૨૦૨૨માં આ તકનીક અપનાવી હતી. આનાથી પેન્શનરો દ્વારા તેમના ઘરેથી ડીએલસી સબમિટ કરવાની એક સંપૂર્ણ નવી પદ્ધતિ રજૂ કરવામાં આવી હતી, જે પ્રક્રિયાને પેન્શનરો માટે વધુ સુલભ અને સસ્તું બનાવે છે. તેઓ આ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે કોઈપણ એન્ડ્રોઈડ આધારિત સ્માર્ટફોનનો ઉપયોગ કરી શકે છે, જેથી વૃદ્ધાવસ્થામાં બેંકો, પોસ્ટ ઓફિસ વગેરેએ જગ્યાએ જવાની મુશ્કેલીઓ ટાળી શકાય છે. આ પદ્ધતિથી તેમના ઘરની સુવિધાથી સ્માર્ટફોન કેમેરાનો ઉપયોગ કરીને ચહેરાના સ્કેન દ્વારા પેન્શનરની ઓળખ કરી શકાય છે. આ પ્રમાણીકરણ યુઆઈડીએઆઈની ફેસ રેકગ્નિશન એપનો ઉપયોગ કરીને યુઆઈડીએઆઈના આધાર ડેટાબેઝની વિરુદ્ધમાં હાથ ધરવામાં આવે છે. ઈપીએફઓમાં લોન્ચ થયા પછી, ૨૦૨૨-૨૩માં ૨.૧ લાખ પેન્શનર્સ દ્વારા ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજી આધારિત ડીએલસી જમા કરાવવામાં આવ્યા છે, જે ૨૦૨૩-૨૪માં વધીને ૬.૬ લાખ થઈ ગયા છે, જે આ તકનીકના ઉપયોગમાં વાર્ષિક ધોરણે ૨૦૦%ની વૃદ્ધિ દર્શાવે છે. એ પણ નોંધપાત્ર બાબત છે કે વર્ષ ૨૦૨૩-૨૪માં ૬.૬ લાખ એફએટી આધારિત ડીએલસી વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલા કુલ ડીએલસીમાં આશરે ૧૦ ટકા હિસ્સો ધરાવે છે. ગયા નાણાકીય વર્ષ દરમિયાન પેન્શનરો પાસેથી આશરે ૬૦ લાખ ડીએલસી મળી હતી. ફેસ ઓથેન્ટિકેશન પદ્ધતિના ઉપયોગ માટે તેમના સ્માર્ટફોનમાં "આધાર ફેસ આરડી" અને "જીવન પ્રમાણ" એમ બે એપ્લિકેશન ઈન્સ્ટોલ કરવાની જરૂર પડે છે. આ એપ્લિકેશનો માટે ઓપરેટર પ્રમાણીકરણ આધાર સાથે જોડાયેલા મોબાઈલ નંબરો દ્વારા કરવામાં આવે છે. સફળ ફેસ સ્કેન સુનિશ્ચિત કરવા માટે એપ્લિકેશન્સ માં વિગતવાર માર્ગદર્શિકા પ્રદાન કરવામાં આવી છે. એકવાર સ્કેન પૂર્ણ થયા પછી, જીવન પ્રમાણ આઈડી અને પીપીઓ નંબર સાથે મોબાઈલ સ્ક્રીન પર ડીએલસી સબમિશનની પુષ્ટિ થાય છે, જે ઘરેથી પ્રક્રિયા સરળતાથી પૂર્ણ કરે છે. ઈપીએસ પેન્શનર્સ ડીએલસીનાં ઉદ્દેશ માટે આ નવીન અને સુવિધાજનક ટેકનોલોજીનાં ઉપયોગને જુલાઈ, ૨૦૨૨માં ઈપીએફઓ (EPFOs) સોફટવેર માં સામેલ કરવામાં આવ્યો હતો. નવી પદ્ધતિ વધુને વધુ પેન્શનરોમાં લોકપ્રિય બને તે માટે તમામ ફીલ્ડ કચેરીઓને વિસ્તૃત સૂચનાઓ આપવામાં આવી હતી. આ પ્રક્રિયા માત્ર ફિલ્ડ ઓફિસોમાં જ નહીં પરંતુ જાન્યુઆરી, ૨૦૨૩થી ભારતભર ના તમામ જિલ્લાઓમાં આયોજિત નિધિ આપકે નિકટ કાર્યક્રમ દરમિયાન પણ પેન્શનરોને નિયમિતપણે સમજાવવામાં આવે છે. આ તકનીકીનો ઉપયોગ કરવા અંગેની વિગતવાર વીડિયો ઈપીએફઓ @SOCIALEPFO ઓફિશિયલ યુટ્યુબ હેન્ડલ પર ઉપલબ્ધ છે. ઈપીએફઓને વિશ્વાસ છે કે આ પદ્ધતિની સુવિધા વધુને વધુ પેન્શનરો માટે જીવન જીવવાની સરળતા લાવશે.

## તંત્રી સ્થાનેથી......


ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (આરસેટી) જૂનાગઢ દ્વારા ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ માટે ૩૦ દિવસની ઈલેક્ટ્રિક મોટર રીવાઈન્ડિંગ અને સર્વિસ તેમજ ટુ વ્હીલર મેકેનિકની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં નિઃશુલ્ક આવાસ અને ભોજનની સુવિધા આપવામાં આવશે. આ તાલીમમાં ૧૮ વર્ષથી ૪૫ વર્ષ સુધી ગીર સોમનાથ અને જૂનાગઢ ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ ભાગ લઈ શકે છે. તાલીમ પૂર્ણ કર્યા બાદ ભારત સરકાર માન્ય પ્રમાણપત્ર અને સબસિડીવાળી લોનનો લાભ પણ આપવામાં આવશે. આગામી તા.૧૧/૦૬/૨૦૨૪ થી ઈલેક્ટ્રિક મોટર રીવાઈન્ડિંગ અને સર્વિસ તેમજ ટુ વ્હીલર મેકેનિકની તાલીમ શરૂ થઈ રહી છે. આ તાલીમમાં ભાગ લેવા માટે સોમવારથી શનિવાર સવારે ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી ૦૨૮૫૨૬૨૦૯૫૧ તથા મો.નં.૯૯૦૪૬૪૬૪૬૬ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. આ તાલીમ એસબીઆઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની બાજુમાં બીલખા રોડ, જૂનાગઢ ખાતે નિઃશુલ્ક આપવામાં આવશે. આ તાલીમમાં જોડાવા માટે ૩ પાસપોર્ટ સાઈઝના ફોટા, આધારકાર્ડ, રેશનકાર્ડ, માર્કશીટ/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, બેંકની પાસબુક આ તમામ ડોક્યુમેન્ટની ઝેરોક્ષ આપવાની રહેશે.

# જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના હસ્તે કલેક્ટર કચેરી ખાતે ઘોડિયાઘર, બેડમિન્ટન કોર્ટ અને સ્પોર્ટ્સ રૂમનું લોકાર્પણ

## માતાની ચિંતા હળવી કરવાનો વિનમ્ર પ્રયાસ એટલે ઘોડિયાઘર -કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા

કમલમ્ ન્યુઝ,સોમનાથ

કલેક્ટર શ્રી દિગ્વિજય સિંહ જાડેજાએ આજે ઈણાજ ખાતે આવેલી કલેક્ટર કચેરી ખાતે નવનિર્મિત ઘોડિયા ઘર, બેડમિન્ટન કોર્ટ અને સ્પોર્ટસ રૂમનું લોકાર્પણ કર્યું હતું. કલેક્ટરશ્રીએ આ અંગે જણાવ્યું હતું કે, આજકાલ પુરુષો સાથે ખભેખભો મિલાવીને મહિલાઓ પણ સરકારી તંત્રમાં કાર્ય કરી રહી છે ત્યારે, તેમના બાળકના ઉછેરની જવાબદારી એ મોટો પ્રાણપ્રશ્ન બની રહે છે. બાળકને પણ માતાની સતત હૂંફ અને કાળજીની જરૂર હોય છે. તેવા સમયે જો માતા તેની આસપાસમાં જ હોય તો બાળક પણ એક પ્રકારની હળવાશ અનુભવે છે. તે ધ્યાનમાં રાખીને કલેક્ટર કચેરી ખાતે કાર્યરત મહિલા કર્મચારીઓ-અધિકારીઓના બાળકોને પોતિકાપણું અનુભવાય અને આનંદ-કિલ્લોલ સાથે રહી શકે તે માટે કલેક્ટર કચેરીના ભોંયતળિયે ઘોડિયાઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આ ઘોડિયાઘરનું નિર્માણ કરવાનો હેતુ માતાની ચિંતા હળવી કરી માતા બાળકનું ધ્યાન રાખવા સાથે પોતાના કામમાં પણ પૂરતું ધ્યાન આપી શકે તેવો છે. આ ઘોડિયાઘર બાળકોને રમવા માટેના અને મનોરંજનના સાધનો સાથે બાળકોને મજા પડે તે રીતે કાર્ટૂનોથી સુશોભિત દિવાલો સાથે વાતાનુકૂલિત બનાવવામાં આવ્યું છે. આ ઘોડિયાઘરમાં બાળકોને આરામ કરવા માટે બેડ, લસરપટ્ટી, હિંચકવા માટે ઘોડા, હોડી અને અવનવાં રમકડાંની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. આ અવસરે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓના હસ્તે જિલ્લા કલેક્ટરશ્રી અને નિવાસી અધિક કલેક્ટરશ્રીના સ્કેચ સાથે અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સાથે જ કલેક્ટર કચેરી ખાતે કાર્યરત અધિકારીઓ અને કર્મચારીઓની માનસિક સુસજ્જતા વધે અને તેઓ પણ તેમના કાર્યબોજ વચ્ચે થોડી હળવાશની પળો અનુભવી શકે સાથે જ શારીરિક ક્ષમતાનું વર્ધન થાય તેવા ઉદ્દેશ્યથી સ્પોર્ટ્સ રૂમનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સ્પોર્ટ્સ રૂમમાં મહિલા અને પુરુષોના ચેન્જિંગ રૂમ સાથે ટેબલ-ટેનિસ, ચેસ, કેરમ, લૂડો, ડાર્ટ ગેમ જેવી ઈન્ડોર ગેમ ઉભી કરવામાં આવી છે. તે સાથે કલેક્ટર કચેરીમાં જ બેડમિન્ટન કોર્ટ પણ બનાવવામાં આવી છે. જેનો કર્મચારીઓ અને અધિકારીઓ રિશેષના સમયે ઉપયોગ કરી શકશે. જિલ્લા

કર્મચારીઓની માનસિક સુસજ્જતા વધે અને કાર્યબોજ વચ્ચે હળવાશ અનુભવે તે માટે કલેક્ટર કચેરી ખાતે બેડમિન્ટન કોર્ટ અને સ્પોર્ટ્સ રૂમનું નિર્માણ

કલેક્ટરશ્રીએ આજે ઘોડિયાઘર અને સ્પોર્ટ્સ રૂમની સવલતોનું નિરીક્ષણ કરીને પોતાનો રાજીપો વ્યક્ત કરતાં બેડમિન્ટન અને ટેબલ ટેનિસ પર હાથ અજમાવ્યો હતો અને પોતાની આગવી ખેલપ્રતિભાના દર્શન કરાવ્યા હતાં. તેમણે કર્મચારીઓને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઉભી કરાયેલી આ વ્યવસ્થાઓનો અધિકારીઓ અને કર્મચારીઓ યોગ્ય જાળવણી સાથે પોતાની સુસજ્જતા વધારવા ઉપયોગ કરે અને માનસિક તાણ દૂર કરવા સાથે પોતાના કામમાં શ્રેષ્ઠતા હાંસલ કરે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. આ અવસરે નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પલ્લવીબહેન બારૈયા, નાયબ કલેક્ટર-૧ શ્રી ભૂમિકાબહેન વાટલિયા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એન.બી.મોદી સહિત જિલ્લાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વડોદરામાં સંચારી રોગ અટકાયત માટે સર્વેલન્સ અને સંકલન સમિતિની બેઠક મળી

**કલેક્ટરશ્રી બીજલ શાહે પાણીજન્ય રોગોને અટકાવવા માટે કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી**



કમલમ્ ન્યુઝ,વડોદરા,

વડોદરા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરશ્રી બીજલ શાહની અધ્યક્ષતામાં સંચારી રોગ અટકાયત માટે સર્વેલન્સ અને સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં પાણીજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા અટકાયતના પગલાઓ સાથે પાણી શુદ્ધિકરણ અને દૂષિત ખાદ્ય પદાર્થોના નિકાલની કામગીરીની કલેક્ટરશ્રીએ વિસ્તૃત સમીક્ષા કરી હતી. કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લામાં પાણીજન્ય અને સ્વાઈન ફ્લૂ જેવા રોગોની અટકાયત માટે પીવાના પાણીનું સમયાંતરે શુદ્ધિકરણ કરવા અધિકારીઓને તાકીદ કરી રોગચાળાને અટકાવવા પર ભાર મૂક્યો હતો. આ બેઠક સાથે જ કલેક્ટરશ્રીએ રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ, મેલેરીયામુક્ત ગુજરાત અને હીટવેવ, ઋતુ પરિવર્તન અને રોગચાળા અટકાયત માટે પ્રિ-મોન્સૂન કામગીરીની વિસ્તૃત સમીક્ષા સહ ચર્ચા કરી હતી. જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણીજન્ય રોગના નોંધાયેલા દર્દીઓ અને તેમને આપવામાં આવતી સારવારની સમીક્ષા કરતા જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાએ પીવાના પાણીના સ્રોતોની સ્વચ્છતા રાખવા તેમજ પાણીના ક્લોરીનેશન અને સુપર ક્લોરીનેશન કરવા જણાવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મીનાક્ષીબેન ચૌહાણે જણાવ્યું હતું કે, પાણીજન્ય રોગોની અટકાયત માટે જિલ્લામાં ૩૩,૪૧૬ જેટલા ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લામાં વિવિધ સ્થળોએ ૯૯ જેટલા લીકેજ શોધી તેની મરામત કરવામાં આવી છે. જિલ્લા કક્ષાએ એપેડેમિક દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ બેઠકમાં તાલુકા આરોગ્ય અમલદારો સહિત સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

# રાજકોટ ખાતે સક્ષમ શાળા એપ્લિકેશન અન્વયે બે દિવસીય તાલીમ યોજાઈ



કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટ જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડીનેટરશ્રી દિક્ષિત પટેલના માર્ગદર્શન હેઠળ સક્ષમ શાળા- એપ્લિકેશન અને તેની માર્ગદર્શિકા અંગે ક્વોલીટી એજ્યુકેશન અને મોનીટરીંગ કો-ઓર્ડીનેટર શ્રી સોનલબેન દવે દ્વારા તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાના ૧૦૧ સી.આર.સી. કો-ઓર્ડીનેટર, ટી.આર.સી., અને ૧૧ બી.આર.સી. કો-ઓર્ડીનેટર સામેલ થયા હતા આ તાલીમ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, ઢેબર રોડ, રાજકોટ ખાતે ૬ અને ૭ જૂન દરમિયાન યોજાઈ હતી,સમગ્ર શિક્ષા કાર્યક્રમ શાળાઓમાં ઉત્તમ અને સર્વગ્રાહી શિક્ષણ પૂરું પાડવા માટે સતત કાર્યરત છે. જેને વધુ પ્રભાવશાળી અને જવાબદાર બનાવવા માટે સમગ્ર શિક્ષા, ગુજરાત દ્વારા "સક્ષમ શાળા કાર્યક્રમ" તૈયાર કરવામાં આવેલ છે. સ્વચ્છતા, હરિયાળી, સુરક્ષા અને સમાવેશ જેવા ચાર મુખ્ય ઘટકોને ધ્યાનમાં રાખીને શાળામાં સ્થિતિસ્થાપકતાનું નિર્માણ કરવા અને ઈકોસિસ્ટમ પ્રત્યેની જવાબદારીથી શાળાઓને અવગત કરાવી બાળકોને સ્વચ્છ, સ્વસ્થ અને સલામત વાતાવરણ પૂરું પાડવા માટે યુનિસેફના સહયોગથી સક્ષમ શાળા- એપ્લિકેશન અને તેની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે, તેમ જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડીનેટરશ્રી દિક્ષિત પટેલની યાદીમાં જણાવાયું છે.

# ૧૦૮ ના કર્મીઓની નખશીખ પ્રમાણિકતા: આઈફોન સહીત રૂ. ૧.૪૫ લાખની કિંમતના ચાર મોબાઈલ પરત કર્યા

કમલમ્ ન્યુઝ,રાજકોટ

૧૦૮ ની ઓળખ માત્ર ઈમરજન્સી સારવાર પૂરતી જ સીમિત ન રહેતાં પ્રમાણિકતા માટે પણ નેત્રદિપર સાબિત થઈ રહી છે. જેના અસંખ્ય ઉદાહરણ દિન-પ્રતિદિન જોવા મળી રહ્યા છે. જેનો દાખલો તાજેતરમાં કુવાડવા ૧૦૮ ની કર્તવ્યનિષ્ઠ ટીમે પૂરો પાડ્યો છે. ગત તા. ૦૪-૦૬-૨૦૨૪ ના રોજ પીપળીયા ગામથી રાજકોટ તરફ સગાઈના પ્રસંગમાંથી કાર ચલાવી પરત આવતા ૨૦ વર્ષના વિમલભાઈ ચૌહાણ સ્ટીયરીંગ પર કાબૂ ગુમાવતા અચાનક કાર પલટી મારી જતાં વાહન અકસ્માત સર્જાયો હતો. જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. આ બનાવ અંગે ૧૦૮ ને જાણ કરવામાં આવતા નજીકના સ્થળે ઉપસ્થિત કુવાડવા ૧૦૮ ટીમ રવાના થઈ હતી. સ્થળ પર પહોંચતા ઘાયલ વિમલભાઈ ચૌહાણને તપાસતા તેઓ બેભાન હાલતમાં મળી આવેલ હતા. તેમને માથાના ભાગ તેમજ પગના ભાગ પર ઈજા પહોંચી હતી. ટીમ દ્વારા દર્દીને સ્થળ પર પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ, રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. દર્દીની ઓળખ માટે ઈ.એમ.ટી. જગદીશભાઈ બાવળીયા અને પાઈલોટ જીતેન્દ્રભાઈ કાગડિયાએ તપાસ કરતાં તેમની પાસેથી ૦૪ મોબાઈલ મળી આવ્યા હતાં. જેમાં વન પ્લસ ૪૫૦૦૦/- એપલ આઈ ફોન ૫૦૦૦૦/-, અને સેમસંગ કંપની ના ૦૨ મોબાઈલ અંદાજિત રૂ. ૫૦૦૦૦/- મળી કુલ



અંદાજિત રૂ. ૧.૪૫ લાખનાં મોબાઈલ વિજય ભાઈના પરિવારજનોનો સંપર્ક કરી તેમને પરત કરવામાં આવ્યાં હતાં. કુવાડવા ૧૦૮ લોકેશનની ટીમે પ્રમાણિકતા દર્શાવતા ઘાયલ દર્દીના પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ૧૦૮ રાજકોટના પ્રોજકટ મેનજરશ્રીએ ટીમની પ્રમાણિકતાને બિરદાવી હતી. રાજ્ય સરકાર દ્વારા સેવારત ૧૦૮ સેવા ઘાયલો માટે ઈમરજન્સીમાં થોડી મિનિટોમાં જ સ્થળ પર પહોંચી ગોલ્ડન ટાઈમમાં દર્દીઓના જીવન રક્ષક તરીકેની આગવી ભૂમિકા ભજવી રહી છે.

# વલસાડના ઝુલેલાલ મંદિરમાં સમર કેમ્પ યોજાયો, બાળકોએ હુનરના દર્શન કરાવ્યા

## ૭૦ થી વધુ બાળકોએ ડાન્સીંગ, સિંગીગ, ક્રાફ્ટ આર્ટ, ફેશન શો, ચિત્રકામ સહિતની પ્રવૃત્તિઓ કરી



બાળકો દ્વારા બનાવાયેલી કૃતિઓની પ્રદર્શીની પણ રાખવામાં આવી

કમલમ્ ન્યુઝ,વલસાડ

બાળકોમાં વધતા જતા મોબાઈલના ઉપયોગને અટકાવવા તેમજ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવા ઉનાળા વેકેશનમાં બાળકો સમયનો સદુપયોગ કરી પોતાનામાં નવી નવી સ્કીલ ડેવલપ કરે એવા શુભ આશય સાથે વલસાડ હાલર રોડ સ્થિત નવરંગ ગૃપ દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ થી વધુ બાળકોને ડાન્સીંગ, સિંગીગ, ક્રાફ્ટ આર્ટ, ફેશન શો, ચિત્રકામ સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. સમર કેમ્પના અંતે વલસાડના કૈલાસ રોડ ખાતે આવેલા ઝુલેલાલ મંદિરના સંકુલમાં બાળકો દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ બનાવાયેલી ઘર વપરાશની ચીજ વસ્તુઓ અને પેઈન્ટીંગની પ્રદર્શીની રાખવામાં આવી હતી.

આ સાથે બાળકો દ્વારા અનેક વિધ કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વલસાડ તાલુકાના જૂજવા ગામમાં સ્થિત જૈન સ્કૂલના આચાર્યા આરતીબેન ચતુર્વેદી, વલસાડ રેલવેના નિવૃત્ત અધિકારી ભારતીબેન ગરાસીયા, ઘોઘારી જૈન સમાજના અગ્રણી હરીશભાઈ શાહ, સિંધી સમાજના પ્રમુખ કિશોરભાઈ મૂલચંદાની, નાયબ મામલતદાર સેહુલ પી પટેલ સહિતના આગેવાનો અને બાળકો તેમજ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન નવરંગ ગૃપના ડાયરેકટર શૈલેષભાઈ જૈન અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બાળકોના હુનરને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા.

# વડોદરા જિલ્લાના તમામ સીઆરસી કો.ઓર્ડીનેટર માટે સક્ષમ શાળા અંગે તાલીમ યોજાઈ

## દરેક તાલીમાર્થી "મારી શાળા હરિયાળી શાળા" ના ખ્યાલને સાકાર બનાવવા સઘન પ્રયાસો કરે

કમલમ્ ન્યુઝ,વડોદરા

સમગ્ર શિક્ષા, ગુજરાત રાજ્ય ગાંધીનગરની સુચના અનુસાર જિલ્લા પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા ખાતે "સક્ષમ શાળા" અંગે જિલ્લાના તમામ સીઆરસી કો.ઓર્ડીનેટરને બે દિવસની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં સ્વચ્છતા, હરિયાળી, સલામતી અને સમાવેશન (ટકાઉપણું) જેવા ઘટકો અને પેટા ઘટકોમાં પાણી, શૌચાલય, આરોગ્ય, રક્ષણ, હવા, જમીન, ઉર્જા, આબોહવા, જોખમ, સંરક્ષણ, સંચાલન, વર્તન અને સમાવેશ વિષે વિસ્તૃત માર્ગદર્શન તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમા OIC / QEM - DPE, તમામ TRP અને તમામ બીઆરસી કો.ઓર્ડીનેટરે તજજ્ઞ તરીકે કામગીરી કરવા સાથે શાળા સલામતી અને સુરક્ષાના ભાગરૂપે તાલીમ વર્ગમાં સ્ટેશન ઓફિસર હર્ષવર્ધન પુવાર તથા મનોજસિંહ સીતાપર દ્વારા ફાયર સેફટીનું નિદર્શન રૂબરૂ ડેમો કરીને તાલીમ આપવામાં આવી હતી. શાળાઓમાં ફાયર ર્દ્રઝ લેવી અને દરેક શાળામાં સલામતી જાળવવા માટે ફાયરના બોટલ રીફીલ કરાવવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી મહેશભાઈ પાંડે, પ્રાચાર્યશ્રી ડાયેટ,શિક્ષણ નિરીક્ષક ડીઈઓ કચેરીએ ઉપસ્થિત રહી વ્યવહારુ દ્રષ્ટાંતો સાથે પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. તાલીમ દરમ્યાન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ દરેક તાલીમાર્થીને "મારી શાળા હરિયાળી શાળા" ના ખ્યાલને સાકાર બનાવવા સઘન પ્રયાસો કરવા જણાવ્યું હતું. રાજ્ય કક્ષાએથી કવોલીટી સેલના પ્રતિનિધિ શ્રી ધર્મેશ રામાનુજ તથા શ્રી અતુલભાઈ પંચાલેવિશેષ ઉપસ્થિતિ રહી તમામ તાલીમાર્થીઓને સક્ષમ શાળાનો ખ્યાલ અને આગામી અમલીકરણ અંગે ગમ્મત સાથે



વિષયવસ્તુનું જ્ઞાન પણ પૂરું પાડ્યું હતું. સમગ્ર તાલીમ કાર્યક્રમનું સંચાલન ADPC શ્રી રાકેશભાઈ સુથાર દ્વારા અને વર્ગ કન્વીનર શ્રી મુકેશભાઈ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ફરજ દરમિયાન દીકરી સાચવવાની ચિંતા ટળી :- લીનાબહેન મકવાણા

કમલમ્ ન્યુઝ,સોમનાથ,
બદલાતાં સમય સાથે ઘરના બે છેડા ભેગા કરવા માટે આજે પુરુષો સાથે મહિલાઓ પણ ખભેખભો મિલાવીને ધંધો-રોજગાર કરી રહી છે. ખાસ કરીને, સરકારી નોકરી કરતી મહિલાઓના પતિ પણ નોકરી કે ધંધો કરતા હોવાના કારણે બાળકો પર પતિ કે પત્ની બન્નેમાંથી કોઈ પૂરતું ધ્યાન આપી શકતાં નથી. વળી, આજકાલ વિભક્ત કુટુંબના કારણે આવાં નાના બાળકોને સાચવવાં માટે ઘરનાં નાના-નાની, દાદા-દાદી વગેરેની ખોટ સાલી રહી છે. તેવા સમયે સરકારી નોકરી કરતી મહિલાઓને પોતાના બાળકોને કેવી રીતે સાચવવાં એ મોટો યક્ષપ્રશ્ન બની રહે છે. તેવા સમયે આવી વર્કિંગ વૂમનની મુશ્કેલી સમજીને ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેમના કાર્યસ્થળ એવા કલેકટર કચેરી ખાતે જ ઘોડિયાઘરની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેથી મહિલાઓ નોકરીના સમયગાળા દરમિયાન પોતાના બાળકને આ ઘોડિયાઘરમાં નિશ્ચિંત થઈને રાખી શકશે. આ અંગે કલેક્ટર કચેરીમાં કાર્યરત સંકલિત બાળ વિકાસ એકમમાં પ્રોગ્રામ આસિસ્ટન્ટ તરીકે કાર્યરત લીનાબહેન મકવાણાએ પોતાનો પ્રતિભાવ વ્યકત કરતા જણાવ્યું હતું કે, આ ઘોડિયાઘર શરૂ થયા પછી મારી દીકરીને સાચવવાની ચિંતામાંથી મને મુક્તિ મળશે અને હું શાંતિથી મારૂ કામ કરી શકીશ. આ ઉપરાંત, કલાક દર કલાકે બાળકને પણ માતાની જરૂરિયાત



વર્તાતી હોય છે. ત્યારે હું વચ્ચે-વચ્ચે મારી બાળકીને પણ મળી શકીશ. જેથી તે પણ શાંતિથી ઘોડિયાઘરમાં રહી શકે, વળી મારી બાળકી સાથે તેના જેવા જ અન્ય બાળકો ઘોડિયાઘરમાં હોવાથી એકબીજા સાથે સારી રીતે સમય પસાર કરી શકશે. આ ઘોડિયાઘરમાં બાળકોને ગમે તેવા રમકડાં, બાળકોને ગમે તેવા કાર્ટૂનચિત્રો સાથે વાતાનુકૂલિત ઘોડિયાઘર બનાવવામાં આવ્યું છે. જેથી આવી ગરમીમાં પણ મારી બાળકીને રાહત મળશે. જિલ્લા વહીવટી તંત્રએ આવી વ્યવસ્થા ઉભી કરીને મારા જેવી વર્કિંગ વૂમનની નોકરીના સમયગાળા દરમિયાન બાળક સાચવવાની જવાબદારીમાંથી મુક્તિ અપાવી છે.



કમલમ્ ન્યુઝ,
નિર્મળ ગુજરાત સ્વચ્છતા અભિયાન અંતર્ગત કોડિનાર નગરપાલિકા ચીફ ઓફિસર વી.સી. રાઠોડના માર્ગદર્શન હેઠળ સેનીટેશન શાખાના કર્મચારીઓ દ્વારા આજ રોજ કોડિનાર નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા ફિશ માર્કેટ, નવાપરા, કોળી ચોરા રોડ, માર્કેટ યાર્ડ, સ્વામી વિવેકાનંદ પાર્ક, પબ્લિક ટોયલેટ અને આજુબાજુમાં સમૂહ સાફ-સફાઈ કરાઈ હતી.



કમલમ્ ન્યુઝ,
વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા નિર્મળ ગુજરાત સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરમાં આવેલ તમામ કોમ્યુનિટી હોલ અને જાહેર ટોયલેટની તેમજ તેની આજુબાજુના વિસ્તારની સફાઈ કરવામાં આવી હતી.



કમલમ્ ન્યુઝ,
સ્વાગત ગ્રુપના "સ્વાગત હોલી ડે મોલ" નો શુભારંભ સરગાસણ ચોકડી, ગાંધીનગર ખાતે થયો. જેમાં મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે ગાંધીનગરના આંગણે આ ભવ્ય મોલ લોકોને મનોરંજન સહિત વિવિધ વ્યવસાય અને ખરીદીમાં ઉપયોગી બનશે. મેયરશ્રી એ તરુણભાઈ વર્મા સહિત સ્વાગત પરિવારને તેમનું આ નવતર સોપાન ખૂબ પ્રગતિના સોપાનો સર કરે તેવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી. આ વેળાએ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોર તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,
નિર્મળ ગુજરાત ૨.૦ સ્વચ્છતા પખવાડિયા તળે ગાંધીનગર વોર્ડ નં.૩ ના સ્વચ્છતા અભિયાન માટે મળેલ નિમંત્રણને માન આપી બ્રહ્માકુમારીઝ પરિસર આગળ સેક્ટર. ૨૮ ગાંધીનગર સેવાકેન્દ્ર પ્રભારી આદરણીય રાજયોગની કૈલાશ દીદીજી, પાર્ષદ શ્રીઓ અન્ય સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓ અને બ્રહ્માકુમારી પરિવારના અન્ય બ્રહ્માકુમારી બહેનો, ભાઈઓ તથા બહેનો ખુશી ખુશી સામેલ થઈ **Cleanliness is next to Godliness** ના દર્શન કરાવીરહ્યા છે.

# રથયતરના રૂટ ઉપર અમદાવાદ શહેરના ચાર પોલીસ સ્ટેશનના ઉપક્રમે બુલેટ માર્ચનું આયોજન કરાયું



કમલમ્ ન્યુઝ,અમદાવાદ
અમદાવાદ ખાતે રથયાત્રાને હેમખેમ શાંતિપૂર્ણ રીતે મંદિરથી તેના નિર્ધારિત રૂટ પર થઈ મંદિર પરત સુધીની જવાબદારી જેના શિરે હોય છે તે છે અમદાવાદ શહેર પોલીસ. રથયાત્રાને બેખૂબી રીતે પૂર્ણ નિયમન સાથે નિર્વિઘ્ન પાર પાડવામાં ગુજરાતના અમદાવાદ શહેરની વિવિધ એજન્સીના પોલીસ ઉચ્ચ અધિકારીઓ અને કર્મીઓનું કાર્ય સેવા, સુરક્ષા અને શાંતિના સમન્વય સાથે સૌથી મોખરે રહે છે. ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાના દિવસો ધીરે ધીરે નજીક આવી રહ્યા છે ત્યારે રાજયના ડીજીપી વિકાસ સહાય અને અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જી એસ મલિક અને તમામ ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે જેને લઈ રથયાત્રાના રૂટ પર ઝોન ૩ના ગાયકવાડ હવેલી, કાલુપુર, ખાડીયા, શહેરકોટડા પોલીસ સ્ટેશન દ્વારા જગન્નાથ મંદિર થી રથયાત્રા રૂટ પર બુલેટ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું જેને મંદિરના મહંતશ્રી દ્વારા લીલી ઝંડી આપી ફ્લેગ ઓફ કરાવી હતી જેમાં આશરે ૧૦૦ જેટલા મહિલા અને પુરુષ પોલીસ કર્મીઓ બુલેટ સાથે જોડાયા હતા. આ પ્રસંગે ઝોન ૩ ના ડીસીપી વિશાખા ડબરાલ, એસીપી હિરેન્દ્ર ચૌધરી, ઈ અને બી ના એસીપી સહિત ચારેય પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

# સાંસદ રમીલાબેન બારા સહિતના આગેવાનોની રજૂઆતના પગલે વિજયનગર એસટી ડેપો માટે ટોકન ભાડે જમીન ફાળવાઈ

કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ
વિજયનગરમાં એસટી ડેપો માટે અનેક રજૂઆતો, આંદોલનો, ઉપવાસ કાર્યક્રમો અને મુખ્યમંત્રી સુધી આવેદનપત્રોના અંતે જમીન ફાળવ્યાં બાદ આ જમીન મહેસૂલ વિભાગ દ્વારા ભાડા પટ્ટે ફાળવવા કરાયેલી રજુઆતો બાદ આજરોજ રૂ. એકના ટોકનથી ૯૯ વર્ષના ભાડા પટ્ટા ઉપર આપવાનો ઠરાવ જિલ્લા પંચાયત દ્વારા આજરોજ કરાતા હવે અટવાયેલ વિજયનગર એસટી ડેપો નિર્માણ માટેનો માર્ગ મોકળો બની ગયો છે અને વર્ષો જૂની એસટી ડેપોની આ માગણી સંતોષાતા હવે આ સ્થાનિક તાલુકાવાસીઓમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હોવાનું પૂર્વ મહામંત્રી અને એસટી ના ચેરમેન ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું છે વિજયનગરમાં સાવ સાંકડી જગ્યાએ હાલ જયાં એસટીનો પોઈન્ટ છે ત્યાં મુસફર જનતા માટે તેમજ ડ્રાઈવર કંડકટરોને શૌચ ક્રિયા માટે સંડાસ બાથરૂપ



પીવાના પાણીની પણ વ્યવસ્થા ઉપલબ્ધ નથી ચોમાસુ-શીયાળો-ઉનાળામાં પણ મુશાફર જનતા માટે કોઈજ વ્યવસ્થા હોઈ અને તાલુકા મથકે એસટી ડેપો હોવાથી એસ.ટી. બસ-ડેપો સત્વરે બને તે માટે પ્રજાની સત્તત માંગ રહી હતી આ માટે સાંસદ રમીલાબેન બારાએ પણ અથાગ પ્રયત્નો કર્યા હતા અને એ સમયના ધારાસભ્ય અશ્વિન કોટવાલ. અને વખતોવખતના ધારાસભ્યો,ચૂંટાયેલા સર્વે આગેવાનો અને મયૂરભાઈ શાહ સહિતના સંગઠનના હોદ્દેદારો,પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ધીરજભાઈ પટેલ વગેરે ઉમદા પ્રયાસો હાથ ધર્યા હતા આ પ્રાણ પ્રશ્નના ઉકેલ માટે રચવામાં આવેલ સર્વ પક્ષીય એસ ટી ડેપો સમિતિના ચેરમેન ઈશ્વરભાઈ પટેલ દ્વારા આ જમીન વિનામૂલ્યે સરકાર તરફથી ફાળવવા મુખ્યમંત્રીતેમજ મહેસૂલ વિભાગને પત્ર દ્વારા વિનંતી કરવામાં આવી હતી. આ ઉપરાંત ભા.જ.પ ના મહિલા મોરચાના જિલ્લાના મહામંત્રી સૂર્યાબેન ભટ્ટ તેમજ જિલ્લા પંચાયત સાબરકાંઠાના મહિલા અને બાળ વિકાસ સમિતિ ના ચેરમેન લીનાબેન એલ. નિનામા દ્વારા પણ રજુઆતો કરાઈ હતી આમ વિજયનગરને એસટી ડેપો મળે એ માટે તમામ આગેવાનોના સહિયારા પ્રયાસો અને સાસદ રમીલાબેન. બારા અને સંગઠનના ગાંધીનગર સુધીના અથાગ પ્રયાસો આખરે રંગ લાવતા એક રૂપિયા ટોકન ભાડે ૯૯ વર્ષના પટ્ટાથી ડેપો માટેની જમીન ફાળવવા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ થતાં સમગ્ર તાલુકાની જનતામાં ખુશી વ્યાપી ગઈ છે એમ ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું.

# તાપી જિલ્લાના સોનગઢ સ્થિત જે.કે પેપર મીલમાં કલોરિન ગેસ લીકેજથતા ફફડાટ

## તાપી જિલ્લાના સોનગઢ સ્થિત જે.કે પેપર મીલમાં ક્લોરિન ગેસ લીકેજ થતા ફફડાટ



## સુરક્ષા અને ઘટનાના આગોતરા આયોજનના ભાગરૂપે મોકડ્રીલ યોજાઇ

કમલમ્ન્યુઝ,રાકેશ વાળા
તાપી જિલ્લાના સોનગઢ સ્થિત જે.કે. પેપર મીલ ખાતે કેમિકલ રિયેક્શનના ઝેરી ગેસ હવામાં ફેલાતા કર્મીઓમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઝેરી ગેસની ચપેટમાં આવેલા કંપનીના ત્રણ કર્મીઓને સૌ પ્રથમ ઘટના સ્થળે એમ્બ્યુલેન્સ મારફત પ્રાથમિક સારવાર આપ્યા બાદ ત્વરિત ધોરણે હોસ્પિટલ ખસેડાયા હતા. જે.કે.પેપર મિલમાંતા.૭ મીએ સવારે ૧૧.૦૧ કલાકે ક્લોરિન ગેસ લિકેજની ઘટના બની હતી. ક્લોરિન ગેસ લીકેજ નિયંત્રણની બહાર જતા જે.કે. પેપર મીલ (CPM) સોનગઢ ના લોકલ ક્રાઈસિસ ગૃપ દ્વારા ૧૧.૨૦ કલાકે સંપૂર્ણ સાઈટને ઓફસાઈટ ઈમરજન્સી જાહેર કરાયો હતો. જે.કે. પેપર મીલના ઈમરજન્સી કન્ટ્રોલ રૂમ દ્વારા કલોરિન ગેસ લીકેજ અંગેની જાણકારી ડિસ્ટ્રીકટ ક્રાઈસીસ ગ્રુપના મુખ્ય કંટ્રોલ રૂમ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમમેન્ટ વિભાગ, સોનગઢ અને વ્યારા ફાયર વિભાગ, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગને ત્વરિત ધોરણે આપવામાં આવી હતી. આ અંગે તાપી જિલ્લા વહિવટી તંત્ર તથા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રને જાણ થતા ટીમ તાપી એક્શન મોડમાં આવી હતી. ડિસ્ટ્રીકટ ક્રાઈસીસ ગ્રુપ દ્વારા જિલ્લાની વિવિધ ઈમરજન્સી વિભાગોને સત્વરે જાણ કર્યા બાદ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લેતા લોકલ ક્રાયસીસ ગ્રુપના અને જિલ્લા ક્રાયસીસ ગ્રુપના મેમ્બરના અધિકારીઓ પણ ઘટના સ્થળે આવી પહોચ્યા હતા. વહિવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી સમગ્ર ઘટનાનો તાગ મેળવ્યો હતો. ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમે એક્શન મોડમાં આવીને રાહત બચાવવાની કામગીરી હાથ ધરી હતી. આ બનાવમાં ભોગ બનેલા ૦૩ કર્મીઓ સારવાર બાદ સાજા થયા હતા. ક્લોરિન ગેસ લિકેજની ઘટના બાદ આ ઘટનાને સુરક્ષા અને ઘટના બનતા આગોતરા આયોજનના ભાગરૂપે યોજાયેલી મોકડ્રીલ જાહેર કરાઈ હતી. જે બાદ કર્મીઓ તેમજ સ્થાનિક ગ્રામજનોએ હાંશકારો અનુભવ્યો હતો. અધ્યક્ષસ્થાનેથી નાયબ નિયામક જિલ્લા ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય ના અધિકારી શ્રી બી.એચ. ચૌહાણ દ્વારા ડિ-બ્રિફિંગ મીટિંગમાં સમગ્ર ટીમના સંકલનની સરાહના કરી ખરેખર કોઈ આ પ્રકારની ઘટના બને ત્યારે પણ આવી જ રીતે કો-ઓર્ડીનેશનથી કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. આ ઉપરાંત તેમણે તમામ વિભાગોને તેઓના સુચનો અને માર્ગદર્શન અંગે ચર્ચા કરી તેની નોંધ લેવા કંપનીના સંબંધિત અધિકારી-કર્મચારીઓને જરૂરી સુચનો આપ્યા હતા. આ સાથે કપનીઓએ પણ તંત્ર સાથે સંકલન સાધવા અને ત્વરિત પગલા લેવા અને સાથ સહકાર આપવા અંગે ખાતરી આપી હતી. મોકડ્રીલ બાદ જે.કે.પેપરમીલના ઓબઝવરશ્રી દ્વારા રિવ્યુ કરી અને ભવિષ્યમાં આવી કોઈ ઘટના બને તો કેવી રીતે પહોંચી વળવુ તે અંગેની જાણકારી આપી હતી. મોકડ્રીલ ના સ્થળે એચ.એન.ગાંવિત રીજયુનાલ ઓફિસર જી.પી.સી.બી, એ.આર.ટી.ઓ એસ.કે.ગામીત, જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટનાં કે. કે. ગામીત, પી.એસ.આઈ ઉકાઈ સુર્યવાંશી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડૉ હેતલ સાદડીવાલા, ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગ્રુપના અધિકારીઓ, મામલતદાર સોનગઢ, વ્યારા ફાયર ઓફીસર- દિગવિજય ગઢવી, સોનગઢ ફાયર ટીમ, પોલીસ અધિકારી,આરોગ્ય વિભાગ અધિકારી, જીપીસીબી નવસારીના અધિકારીઓ, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ ,સુરતના અધિકારીઓ, ફાયર વિભાગ, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, ઉકાઈ થર્મલ પ્લાન્ટ ના અધિકારીઓ, જે.કે.પેપર મીલના અધિકારીઓ, સહિત જિલ્લાના અલગ અલગ વિભાગના કર્મચારીઓ તથા જે.કે.પેપર મીલના અધિકારીઓ કર્મચારીઓ કામદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શ્રી શીશપાલ રાજપૂત ની હાજરીમાં યોજાઈ યોગ પ્રોટોકોલ તાલીમ શિબિર

## કોમન યોગ પ્રોટોકોલ અંગેની તાલીમમાં સ્થાનિક ૧૨૦૦ લોકો સ્વૈચ્છિક રીતે જોડાયા



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૪ની ઉજવણી અંતર્ગત પૂર્વતૈયારીના ભાગરૂપે કૃષ્ણનગર મેદાન ખાતે કોમન યોગ પ્રોટોકોલ તાલીમ શિબિરનું આયોજન

કમલમ્ ન્યુઝ,અમદાવાદ
વિશ્વભરમાં તારીખ ૨૧ જૂને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૪ની ઉજવણી અંતર્ગત **'100 Days to go'**ની થીમ સાથે ૧૦૦ દિવસના કાઉન્ટડાઉનના ભાગરૂપે કૃષ્ણનગર મેદાન, અમદાવાદ ખાતે કોમન યોગ પ્રોટોકોલ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોગ શિબિર ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન અને યોગસેવક શ્રી શીશપાલ રાજપૂતના સાંનિધ્યમાં અમદાવાદમાં કૃષ્ણનગર મેદાન ખાતે યોજાઈ હતી. કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ તાલીમમાં સ્થાનિક ૧૨૦૦ લોકોએ સ્વૈચ્છિક રીતે જોડાઈને કોમન યોગ પ્રોટોકોલ અંગે તાલીમ મેળવી હતી. આ તાલીમ શિબિરમાં ઠકકરબાપાનગર વિધાનસભાના ધારાસભ્ય શ્રી કંચનબહેન રાદડિયા અને ઝોન કો-ઓર્ડીનેટર શ્રી હેમલતાબહેન પટેલ હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે યોગ પ્રત્યે જાગૃતતા વધારવા માટે રાજ્ય સરકારના રમતગમત વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતના લોકો નિરોગી રહે અને રાજ્યના દરેક નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો ગુજરાત યોગ બોર્ડનો હેતુ છે. આ હેતુને પાર પાડવા સમગ્ર વર્ષ દરમિયાન ગુજરાત રાજ્ય યોગ બોર્ડ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરતું રહે છે.

# અમદાવાદ પત્રકાર પર હુમલો કરનાર સોપારીકીલર ગેંગને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

કમલમ્ ન્યુઝ,અમદાવાદ તા.૦૧/૦૬/૨૦૨૪ ના રોજ મનીષભાઈ જગદીશચંદ્ર શાહ (પત્રકાર) તેઓની મોટર સાઈકલ પર ઓફીસ જતા હતા દરમ્યાન ૧૦.૪૫ વાગે અમદાવાદ શહેર રીવરફ્રન્ટ રોડ, બાબા લવલવીની દરગાહની સામે રોડ પરથી પસાર થતા હતા, તે વખતે બ્લ્યુ કલરની એકસેસ પર આવેલ બે અજાણ્યા વ્યક્તિઓએ મનીષભાઈને તેઓનુ મોટર સાઈકલ થોભાવવાનો ઈશારો કરી મોટર સાઈકલ થોભાવેલ. આ વખતે અજાણ્યા બન્ને વ્યક્તિઓએ મનીષભાઈને જમણા ઢીંચણના ઉપરના ભાગે છરાના બે ઘા મારેલ તથા ડાબા પગના ઢીચણના ભાગે એક ઘા મારેલ અને મનીષભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. મનીષભાઈને સારવાર અર્થે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ. આ ગુન્હાની તપાસ રીવરફ્રન્ટ પોલીસ સ્ટેશન દ્વારા હાથ ધરવામાં આવેલ. આ દરમ્યાન ગઈ તા:-૦૪/૦૬/૨૦૨૪ ના રોજ મનીષભાઈનુ સારવાર દરમ્યાન મ્રુત્યુ નિપજેલ. આ ગુન્હાની આગળની તપાસ પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર દ્વારા ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરને સોંપવાનો હુકમ કરી તાત્કાલીક ગુનો શોધી કાઢવા સુચના કરી હતી. આ તપાસ દરમ્યાન ગુનાવાળી જગ્યાની ઝીણવટપૂર્વક તપાસ કરી મરણજનારના રહેણાંક તથા તે વિસ્તારમાં રહેતા લોકોની પૂછપરછ હાથ ધરવામાં આવી. જેમાં જાણવા મળેલ કે, મ્રુતકની મનીષભાઈને આજુબાજુમાં રહેતા લોકો તથા અન્ય લોકો સાથે અણબનાવ બનેલાના ઘણા બનાવો બનેલ હતા. આ ગુન્હો શોધવા ટેકનીકલ સર્વેલન્સ આધારે શંકાસ્પદ વ્યકિતઓની પૂછપરછ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી. આ તપાસ દરમ્યાન મ્રુતકની સોસાયટીમાં રહેતા (૧) મહિપાલસિંહ જી/ લાલસિંહ શિવસિંહ ચંપાવત ઉવ.૨૭ રહે:- મ.નં. સી/૧૩, હરીકુષ્ણ પાર્ક સોસાયટી, ઉર્મીજીવન સોસા. ની સામે, વટવા-વિંઝોલ ક્રોસીંગ રોડ, વટવા, અમદાવાદ શહેર મુળવતન:ગામ.ડોભાડા તા:- વડાલી જી,સાંબરકાંઠાની પૂછપરછ કરતા સમગ્ર બનાવની હકિકત બહાર આવેલ. મહીપાલસિંહની પૂછપરછથી જાણવા મળેલ છે કે, આ મ્રુતક મનીષભાઈની પત્ની સાથે તેના ભાઈ યુવરાજને પ્રેમસંબંધ હતો. જેની મનીષભાઈને જાણ થતા સને-૨૦૨૧ માં મનીષભાઈની પત્નીએ વટવા પોલીસ સ્ટેશન ખાતે બળાત્કારની ફરીયાદ નોંધાવેલ. આ ગુન્હામાં યુવરાજસિંહની ઘરપકડ થયેલ. તે જામીન મુકત થતા જામીનની શરતો મુજબ કોર્ટે વટવા પોલીસ સ્ટેશનની હદમાં યુવરાજસિંહે પ્રવેશ કરવો નહી તે મુજબ હુકમ કરેલ. આ બનાવ બાદ મરણજનાર મનીષભાઈ તથા મહિપાલસિંહના પરીવાર સાથે વારંવાર ઝગડા તકરારો થવા લાગેલ. આ ઉપરાંત મહિપાલસિંહ વિરુધ્ધ પણ મ્રુતક મનીષભાઈ દ્વારા ફરીયાદ નોંધાવવામાં આવેલી જેથી મહીપાલસિંહે મ્રુતક મનીષભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી કરાવવા સારૂ અન્ય કોઈ વ્યક્તિને સોપારી આપી મનીષભાઈના હાથ પગ તોડાવવાનુ નક્કી કરેલ. મહીપાલસિંહે તેના પરીચીત શક્તિસિંહ ચૌહાણ રહે:- સાણંદ (મેલડી પાન પાર્લર થલતેજ)ને આ બાબતે વાત કરતા તેણે તેના પરીચીત આકાશ ઉર્ફે અક્કુ S/O રાજુભાઈ મગનભાઈ વાઘેલા ઉવ.૨૨ રહે:- ખોડીયારનગર ના કાચા છાપરા, એ.ઈ.સી. ચાર રસ્તા પાસે, નારણપુરા, અમદાવાદ શહેર સાથે મહીપાલસિંહની મુલાકાત કરાવી મનીષભાઈના હાથપગ તોડાવવા તથા ડરાવવા સારૂ આકાશ ઉર્ફે અક્કુને રૂ. ૨,૦૦,૦૦૦/- માં સોપારી આપી. મહીપાલસિંહે મ્રુતક મનીષભાઈનો ફોટો તથા તેની દુધેશ્વરની ઓફીસે આવવા જવાનો રૂટ તથા રહેણાંક મકાન બતાવેલ. જેના થોડા દિવસ બાદ આકાશ ઉર્ફે અક્કુ S/O રાજુભાઈ મગનભાઈ વાઘેલાએ તેના પરીચીત (૧) અનિકેત S/O રમેશભાઈ કાનજીભાઈ ઓડ રહે:- વાડજ (૨) વિકાસ ઉર્ફે વિકુ સંતોષભાઈ કમુજીભાઈ ઓડ રહે:-સુરતને બોલાવી હાથપગ ભાંગવા તથા ડરાવવા માટે રૂ. ૧,૨૦,૦૦૦/- માં સોપારી નક્કી કરી મહિપાલસિંહ સાથે મુલાકાત કરાવી. મહિપાલસિંહે બન્ને વ્યક્તિઓને મનીષભાઈનો ફોટો તથા આવવા જવાનો રૂટ તથા રહેણાંક મકાન બતાવેલ તેમજ મનીષભાઈ ઘરેથી નીકળશે ત્યારે તે તેમને જાણ કરશે તેવુ જણાવેલ. જે આધારે (૧) અનિકેત S/O રમેશભાઈ કાનજીભાઈ ઓડ (૨) વિકાસ ઉર્ફે વિકુ સંતોષભાઈ કમુજીભાઈ ઓડ બન્નેએ મનીષભાઈનો તેના ઘર પાસેથી પીછો કરેલ. આ વખતે અનિકેતે એકસેસ ચલાવતો હતો તથા વિકાસ તેની પાછળ બેઠેલ હતો. મનીષભાઈનો પીછો કરતા રીવરફ્રન્ટ બનાવવાળી જગ્યાએ આવતા મનીષભાઈને તેઓનુ મો.સા. થોભાવવા ઈશારો કરી ઉભા રખાવેલ જ્યાં વિકાસે તેની પાસેના છરાથી મુતક મનીષભાઈને બન્ને પગના ભાગે છરા મારી દીધેલ. આ સોંપેલ કામ પૂર્ણ થતા તે જ દિવસે મહિપાલસિંહે તથા શકિતસિંહે આકાશને હિમાલયા મોલ વસ્ત્રાપુર ખાતે બોલાવી નાણા આપેલ જે નાણામાંથી આકાશના ભાગે રૂ. ૫૦,૦૦૦/-, અનિકેતના ભાગે રૂ. ૭૦,૦૦૦/-, વિકાસના ભાગે રૂ. ૫૦,૦૦૦/-, શકિતસિંહે રૂ. ૩૦,૦૦૦/- પોતાના ભાગે રાખેલ. અટક કરવામાં આવેલ આરોપીઓ :- (૧) મહિપાલસિંહ જી/O લાલસિંહ




શિવસિંહ ચંપાવત ઉવ.૨૭ વ્યવસાય :- નોકરી રહે:- મ.નં. સી/૧૩, હરીક્રુષ્ણ પાર્ક સોસાયટી, ઉર્મીજીવન સોસા. ની સામે, વટવા-વિંઝોલ ક્રોસીંગ રોડ, વટવા, અમદાવાદ શહેર મુળવતન: ગામ.ડોભાડા તા:- વડાલી જી,સાંબરકાંઠા (૨) આકાશ ઉર્ફે અક્ક S/O રાજુભાઈ મગનભાઈ વાઘેલા ઉવ.૨૨ ધંધો:- નોકરી રહે:- ખોડીયારનગરના કાચા છાપરા, એ.ઈ.સી. ચાર રસ્તા પાસે, નારણપુરા, અમદાવાદ શહેર મુળવતન :- ગામ મેલજ તા:- માતર જી.ખેડા. (૩) અનિકેત S/O રમેશભાઈ કાનજીભાઈ ઓડ ઉવ.૨૦ ધંધો:- મજુરી રહે:- સોહરાબુદ્દીન કંપાઉન્ડ, ગાર્ડન પાસે, મેઈન રોડ પર, જુના વાડજ, અમદાવાદ શહેર મુળવતન:- જોધપુર રાજસ્થાન (૪) વિકાસ ઉર્ફે વિકુ સંતોષભાઈ કમુજીભાઈ ઓડ ઉવ.૨૩ ધંધો:- ટ્રક ડ્રાઈવીંગ રહે:- મ.નં. ૪૨૭/બી, સંતુકારામ-૬, પાલનપુર જકાતનાકા પાસે, અડાજણ, સુરત મુળવતન:- બાંસવાડા રાજસ્થાનની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ જોઈએ તો: (૧) મહિપાલસિંહ S/O લાલસિંહશિવસિંહ ચંપાવત, વટવા પોલીસ સ્ટેશન (૨) આકાશ ઉર્ફે અક્કુ S/O રાજુભાઈ મગનભાઈ વાઘેલા, ઘાટલોડીયા પોલીસ સ્ટેશન (૩) અનિકેત S/O રમેશભાઈ કાનજીભાઈ ઓડ, ખોખરા પોલીસ સ્ટેશન (૪) વિકાસ ઉર્ફે વિકુ સંતોષભાઈ કમુજીભાઈ ઓડ, ખોખરા પોલીસ સ્ટેશન અને સુરત અડાજણ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ટૂંક સમયમાં જ ઝડપી અને તટસ્થ કામગીરી દર્શાવી ગુનો ઉકેલી આરોપીઓની ધરપકડ કરી એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. શહેરકમિશ્નરઅનેક્રાઈમબ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓ અને સ્ટાફ સહિતની કામગીરી ખરેખર પ્રશંશનિય જોવા મળી છે.

# સાવરકુંડલાના મેરીયાણા ગામે ૯૨ લાખના વિકાસ કામનું ખાતમુહુર્ત કરતા કર્મશીલ ધારાસભ્ય શ્રી મહેશ કસવાલા

## ૮૬ લાખના ખર્ચે પ્રાથમિક શાળા, ૩ લાખના ખર્ચે બાપાસીતારામનો પુલ અને ૩ લાખના ખર્ચે સ્મશાનનો શેડ મેરીયાણા ગામે બનશે : શ્રી કસવાલા







ગામના સક્રિય સરપંચશ્રી હિતેશ ખાત્રાણીને તેમની સારી કામગીરી બદલ ધારાસભ્યશ્રી કસવાલાએ બિરદાવ્યા

કમલમ્ ન્યુઝ,

સાવરકુંડલા / લીલીયા વિસ્તારનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ચુંટાયા બાદ સરકારશ્રી માંથી માતબાર રકમો સાથે અનેકો વિકાસના કામો લાવી રહયા છે અને તેનુ પરીણામ સાવરકુંડલા - લીલીયા ની જનતા જોઈ રહી છે ત્યારે મેરીયાણા ગામે વિવિધ વિકાસના કામોના ખાતમુહુર્ત કરવા પહોચ્યા હતા. જેમા મેરીયાણા સરપંચ, જીલ્લા પંચાયતના ચેરમેનશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, ભાજપના આગેવાનો અને ગ્રામ પંચાયત સદસ્યો તથા ગ્રામજનોની હાજરીમાં રૂા. ૮૬ લાખના ખર્ચે પ્રાથમિક શાળા તથા રૂા.૩ લાખના ખર્ચે બાપાસીતારામનો પુલ અને રૂા.૩ લાખના ખર્ચે સ્મશાન શેડનું ખાતમુહુર્ત કરયુ હતુ. મેરીયાણા ગામની બહેનો દ્વારા ધારાસભ્ય કસવાલાને સાલ ઓઢાડી પૂષ્પ ગુચ્છથી નમ્રતા પૂર્વક સન્માન કરયુ હતુ તેમજ ગામના લોકોએ ખુબજ હર્ષોઉલ્લાસથી ધારાસભ્યની કામગીરીને વધાવ્યા હતા આ સાથે ધારાસભ્યશ્રી કસવાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે આ કામોથી ગ્રામજનોની અભિવૃદધીમાં વધારો થશે અને આવનારા સમયમાં પણ હજુ ઘટતુ ગ્રાન્ટ આપવા માટે વિશ્વાસ વ્યકત કર્યો હતો આ સાથે ગામના સક્રિય સરપંચશ્રી હિતેશ ખાત્રાણીની પ્રામાણીક કામગીરીને બિરદાવી હતી. આ સમગ્ર આયોજનમાં શિક્ષણ સમિતીના ચેરમેનશ્રી ભીખાભાઈ ધોરાજીયા, સિંચાઈ સમિતીના ચેરમેનશ્રી લાલભાઈ મોર, જીલ્લા પંચાયત સદસ્યશ્રી લાલભાઈ મોર, તાલુકા ભાજપ પ્રમુખશ્રી જીવનલાલ વેકરીયા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપા મહામંત્રીશ્રી ચેતનભાઈ માલાણી, ગામના ઉપસરપંચશ્રી દીલુભાઈ ધાધલ, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ગુણવંતભાઈ વાળા અને મેરીયાણા ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# એલ.જી હોસ્પિટલના સ્ટાફે માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

## હોસ્પિટલના સ્ટાફે અજાણી ૪ વર્ષની બાળકીને એક મહિના સુધી માતા-પિતાની જેમ સારસંભાળ લીધી અને સારવાર થકી સ્વસ્થ નવજીવન આપ્યું



બાળકીને ૬ મે, ૨૦૨૪ના રોજ સુપર ફેસિયલ ટુ ડીપ બર્ન્સ - દાઝી ગયેલ હાલતમાં બર્ન્સ વોર્ડ ખાતે અજાણી વ્યક્તિ દ્વારા ૧૦૮ મારફતે લાવવામાં આવી હતી


કમલમ્ ન્યુઝ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શેઠ એલ.જી. જનરલ હોસ્પિટલ ખાતે ૬ મે, ૨૦૨૪ના રોજ આશરે ૪ વર્ષની એક અજાણી બાળકીને દાઝી ગયેલ (સુપર ફેસિયલ ટુ ડીપ બર્ન્સ) હાલતમાં બર્ન્સ વોર્ડ ખાતે અજાણી વ્યક્તિ દ્વારા ૧૦૮ મારફતે લાવવામાં આવી હતી. હોસ્પિટલના નિયમ અનુસાર કારંજ પોલીસ સ્ટેશન ખાતે આ બાળકી અંગેની જાણ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા તપાસ કરતા જાણવા મળેલ કે આ અજાણી બાળકીને ભદ્ર કાળી માતાજીના મંદિરના સામે આવેલ બગીચામાં મૂકીને એક સ્ત્રી જતી રહી હતી ત્યારબાદ આ બાળકી અન્ય બાળકો સાથે રમતી હતી તે દરમ્યાન ત્યાં કોઈએ ચુલા પર ભાત રાંધવા મૂકેલ હોઈ બાળકીનો પગ લપસતાં તપેલાને ઠોકર વાગતા નીચે પડી ગયેલ અને તપેલામાં રહેલ ગરમ પાણી આ બાળકીના ચહેરાના ભાગે તેમજ ડાબા તેમજ જમણા ખભા ઉપર પડ્યું હતું, જેથી તે ખૂબ જ દાઝી ગયેલ. અસહ્ય પીડાને લીધે રડતી બાળકીને જોઈને આજુબાજુમાં રહેતા અજાણ્યા વ્યક્તિને દયા આવી અને તેણે માનવતા દાખવીને બાળકીને હોસ્પિટલ પહોંચાડી હતી. હોસ્પિટલના ડેપ્યૂટી ડાયરેક્ટરશ્રીના કહેવા મુજબ બાળકી ખૂબ જ નાની હોવાથી અને તેના માતા-પિતાની પણ કોઈ જાણ ન હોવાથી અત્રેની હોસ્પિટલના સ્ટાફ દ્વારા જ પોતાની દીકરીની જેમ જ જવાબદારી સમજીને અને તેનો તમામ ખર્ચ ઉઠાવીને તેની તમામ સારસંભાળ રાખવામાં આવી હતી. હોસ્પિટલના સ્ટાફ દ્વારા બાળકીને કપડા, જમવાની વ્યવસ્થા, નાસ્તો,રમકડા તથા તેને દિવસ દરમ્યાનની તમામ પ્રવૃત્તિમાં ખૂબ જ કાળજી રાખીને તેને સ્વસ્થ થવામાં મદદરૂપ થયા હતા. આમ, આ દીકરીને હોસ્પિટલ પહોંચાડવાથી લઈને તેને સાજા થવા સુધીમાં કારંજ પોલીસ સ્ટેશનનો પણ ખૂબ જ સારો સહયોગ મળવાથી સ્ટાફ તેમજ બર્ન્સ વોર્ડના ડોક્ટરો તથા અન્ય સ્ટાફના અથાગ પ્રયત્નના કારણે બાળકી સ્વસ્થ થઈ છે. અને તેને નવજીવન પ્રાપ્ત થયું છે. હવે થોડાક સમયમાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે અને વિધિવત્ રીતે કારંજ પોલીસ સ્ટેશનના સ્ટાફને જાણ કરીને તેઓને બાળકી સોપવામાં આવશે. પોલીસ મારફતે ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના સહયોગથી બાળકીને સારું જીવન મળે તે માટે તેને નારીગૃહ ખાતે મોકલી આપવામાં આવશે. આમ, એલ.જી હોસ્પિટલ ખાતેના તમામ સ્ટાફ દ્વારા અજાણી બાળકીને એક મહિના સુધી માતા-પિતાની જેમ સારસંભાળ રાખીને સારવારની સાથે માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

# નિફ્ટ ગાંધીનગરએ અમદાવાદ ફેશન વીક ૨૪માં ભાગ લીધો









કમલમ્ ન્યુઝ,

નિફ્ટ ગાંધીનગર દ્વારા અમદાવાદના હયાત રિજન્સી ખાતે પ્રતિષ્ઠિત અમદાવાદ ફેશન વીક '૨૪માં ભાગ લેવાની જાહેરાત કરવામાં આવી હતી. સમીર સૂદના દૂરદર્શી નેતૃત્વ હેઠળ, સંસ્થાના ફેશન ડિઝાઈન સ્ટુડન્ટ્સ બેચ ૨૦૨૦-૨૪ એ ફેશન ઉદ્યોગમાં ટકાઉપણાની હિમાયત કરીને તેમની અનુકરણીય પ્રતિભા દર્શાવી હતી.

"ટકાઉપણું-પર્યાવરણીય અને માનવ સુખાકારી પર એક સર્વગ્રાહી પરિપ્રેક્ષ્ય" વિષય પર આધારિત, પ્રદર્શન માત્ર પર્યાવરણીય સંરક્ષણને પાર કરે છે, ટકાઉપણું, માનવ સ્વાસ્થ્ય અને ઈકોલોજીકલ સંતુલન વચ્ચેના સહજીવન સંબંધ પર ભાર મૂકે છે. નિફ્ટ ગાંધીનગરના ડિઝાઈનરો દ્વારા રજૂ કરવામાં આવેલી ડિઝાઈનમાં ફેબ્રિક અને ઝડપી ફેશન ઉદ્યોગમાં વધુ પડતા વપરાશની હાનિકારક અસરો સામે લડવા માટે જથ્થા કરતાં ગુણવત્તાને પ્રાથમિકતા આપીને સાવચેતીભર્યા વપરાશની અનિવાર્યતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

સુશ્રી વૈષ્ણવી, સુશ્રી ચૈતન્ય કોહલી, સુશ્રી ગૌરી મીના, સુશ્રી કશિશ પટેલ, સુશ્રી સાનિકા પરબ, સુશ્રી શ્રેયા ટિડકે અને સુશ્રી સૃષ્ટિ પાટિલના નેતૃત્વમાં આ સંગ્રહે જવાબદાર સંસાધન વ્યવસ્થાપન અને નવીનીકરણીય વિકલ્પોની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રોફેસર ડૉ. સમીર સૂદે જણાવ્યું હતું કે, "ટકાઉપણું એ માત્ર એક વલણ નથી પરંતુ એક નૈતિક અનિવાર્યતા છે". "અમારા ડિઝાઈનરોએ એનઆઈએફટી ગાંધીનગરના સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરતા પર્યાવરણીય વ્યવસ્થાપન અને સામાજિક જવાબદારીના સિદ્ધાંતો સાથે દરેક ભાગને ઝીણવટપૂર્વક તૈયાર કર્યો છે". વૈશ્વિક વપરાશની અસમાનતાઓને દૂર કરવા અને વ્યક્તિઓ, સમુદાયો અથવા ગ્રહની સુખાકારીને જોખમમાં મૂક્યા વિના વર્તમાન જરૂરિયાતોને પહોંચી વળવા માટે સંતુલિત અભિગમને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, અમદાવાદ ફેશન વીક '૨૪ માં નિફ્ટ ગાંધીનગરનું પ્રદર્શન ટકાઉ ભવિષ્ય માટેની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028